# ખેડબ્રહ્મામાં છાશવારે જાહેરમાં ત્યજી દેવાયેલ ભ્રુણ મળી આવતા લોકોમાં રોષ

ખેડબ્રહ્મા, તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકામાં છાશવારે ગમે ત્યાં ભ્રુણ મળી આવે છે. ખેડબ્રહ્મા તાલુકો પછાત તેમજ આદિવાસી વિસ્તાર છે. સરકાર દ્વારા લાખો રૂપિયા ખર્ચી સ્ત્રી ભ્રુણ હત્યા અટકાવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. ત્યારે તાલુકા વિસ્તારના લોકોએ ખેડબ્રહ્મા બ્લોક હેલ્થ ઓફિસરને અનેકવાર રજુઆત કરવા છતાં કોઈ નક્કર પરિણામ મળ્યું નથી તેથી આ વિસ્તારના લોકોમાં આક્રોશ ભભૂકી ઉઠયો છે.

સરકાર દ્વારા સ્ત્રી ભ્રુણ હત્યા અટકાવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે ત્યારે ખેડબ્રહ્મા તાલુકા તેમજ શહેરમાં ગમે ત્યાં ભ્રુણ મળી આવે છે. ખેડબ્રહ્માના ડોકટરો દ્વારા ભ્રુણ પરિક્ષણ પર પ્રતિબંધ હોવા છતાં પરિક્ષણ કરી સ્ત્રી ભ્રુણ હત્યા કરી રહ્યા છે. શહેરના ડોકટરો વિરુધ્ધ લોકોએ ખેડબ્રહ્મા બ્લોક હેલ્થ ઓફિસરને અનેકવાર રજુઆત કરી છતાં ડોકટરો વિરુદ્ધ કોઈ પગલાં ભરવામાંઆવતા નથી. ડોકટરના આવા કાળા કામોપાછળ બી.એચ.ઓ. આંખ આડા કાન કરી રહ્યા હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. હવે સરકાર જ આવા કાળા કામ કરનારા ડોકટરોવિરુદ્ધ પગલાં ભરે તો જ ખેડબ્રહ્મા વિસ્તારમાં સ્ત્રી ભ્રુણ હત્યા અટકાવી શકાશે તેમ લોકો ઈચ્છી રહ્યા છે.

## લક્ષ્મીપુરા ગ્રામ પંચાયતમાં વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ કરાયું

લક્ષ્મીપુરા, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લા ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામે સરકારની વણથંભી વિકાસયાત્રા અંતર્ગત ગામનું વોટર વર્કસ, નવો કુવો, પાણીની ટાંકીનું લોકાર્પણ કરાયું હતું. તેમજ ૬૬ કે.વી. સબ સ્ટેશન, તાંદલીયા કંપા પાસે કલોલ કંપા ટેકરી ઉપર ૬૬ કે.વી. માર્ગ વિજ સ્ટેશનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. તેમજ કરૂન્ત્ર માર્ગ પર ડીપનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

# તલોદ મામલતદાર કચેરીની વહીવટી શાખાના વહીવટદારોથી અરજદારો ભારે પરેશાન

## વિવિધ યોજનાના બી.પી.એલ. લાભાર્થીઓને નીતનવા પુરાવા મંગાવી ધરમના ધક્કા ખવડાવે છે

તલોદ, તા.૧૭

સાબરકાંઠાના તલોદ સ્થિત તલોદ મામલતદાર કચેરીની વહીવટી શાખાના અધિકારીઓ વારંવાર લાભો મેળવતા બી.પી.એલ. લાભાર્થીઓની નામની યાદીમાં મોટા પાયે ભૂલો કરી સરકાર તરફથી મળતી વિવિધ સહાયોથી વંચિત રાખે છે. જેથી તાલુકાના બી.પી.એલ. કાર્ડ ધારકોએ આ મામલે ઉગ્ર રોષ વ્યકત કરી મામલતદાર કચેરીની વહીવટી શાખાના જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવાય તેવી માંગણી કરી છે.

મળતી માહિતી અનુસાર તલોદ મામલતદાર કચેરીની વહીવટી શાખા દ્વારા છેલ્લા ઘણા સમયથી કચેરીએ ફરિયાદ લઈ આવતા અરજદારો સાથે દાદાગીરી ભર્યું વર્તણૂંક કરવામાં આવી રહી છે અને વારંવાર બી.પી.એલ. કાર્ડ ધારકોની વિવિધ સહીઓ માટે કરેલી નામની યાદીમાં ચેડાં કરી ભૂલો કરી તેમને આ સહાયોથી વંચિત રાખવામાં આવે છે તેમ લાભાર્થીઓ જણાવી રહ્યા છે. ઉપરાંત વહીવટી શાખાના જવાબદાર અધિકારીઓ લાભાર્થીઓ પાસેથી વિવિધ પ્રકારના પુરવા મંગાવી ધરમના ધક્કા ખવડાવે છે. આમ ઘણી વખત અધિકારીઓ લાભાર્થીઓ સાથે બે જવાબદારીપૂર્વક વર્તન કરી તેમને અપમાનીત પણ કરે છે. તલોદ મામલતદાર કચેરીની વહીવટી શાખાના કર્મચારીઓના આ પ્રકારના વર્તનથી કચેરીમાં પોતાની અરજીઓ લઈ આવતા અરજદારો ભારે પરેશાન થઈ ગયા છે અને જિલ્લા કલેકટર આ મામલે તલોદ મામલતદાર કચેરીના આ બે જવાબદાર અધિકારીઓ વિરુધ્ધ પગલાં લઈ તેની સામે યોગ્ય કાર્યવાહી કરે તેવી ઉગ્ર માંગણી કરી રહ્યા છે.

# ખેડબ્રહ્મામાં પ્રાંત કક્ષાનો ગરીબકલ્યાણ મેળો યોજાયો



ખેડબ્રહ્મા, તા. ૧૭

ખેડબ્રહ્માની જ્યોતિ હાઈસ્કૂલના પટાંગણમાં ખેડબ્રહ્મા વિજયનગર બે તાલુકાનો પ્રાંતકક્ષાનો ગરીબ કલ્યાણ મેળાનું શુક્રવારના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળાના અધ્યક્ષસ્થાને રાજ્યકક્ષાના મંત્રી જયવંતસિંહ ભાભોર ઉપસ્થિત રહ્યા હતા. ખેડબ્રહ્મા અને વિજયનગરના કુલ ૧૯૭૦ લાભાર્થીઓને કુલ રૂ. ૪૩૨.૫૬ લાખની એક જ સ્થળે હાથોહાથ સહાય ચુકવવામાં આવી હતી. ગરીબ કલ્યાણ મેળાની શરૂઆતમાં પ્રાંત અધિકારી આર.આર. ઠક્કરે સૌનું સ્વાગત કર્યુ હતું. એલ.ઈ.ડી.ના માધ્યમ દ્વારા મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉદ્‌બોધન કર્યુ હતુ. આ પ્રસંગે પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ રમીલાબેન બારા, ખેડબ્રહ્મા તાલુકા પંચાયતના પ્રમુખ ભોજાભાઈ મકવાણા, વિજયનગર તાલુકા પંચાયતના પ્રમુખ મંજુલાબેન કટારા, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ જશુભાઈ ખરાડી, ખેડબ્રહ્મા એપીએમસીના ચેરમેન જશુભાઈ પટેલ, વિનોદભાઈ પટેલ સહીત મોટી સંખ્યામાં લાભાર્થીઓ અને લોકો ઉપસ્થિત રહ્યા હતા. ગરીબ કલ્યાણ મેળાના અંતે આભારવિધિ ખેડબ્રહ્મા ટીડીઓ નિનામાએ કરી હતી.

# મોડી રાત્રે ચિલોડા ઓમ લેન્ડ માર્ક હોસ્ટેલમાંથી ત્રણ બાળાઓ ઘરે જવા ચાલી નીકળી

ચિલોડા, તા.૧૭

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં ચિલોડા સર્કલથી માત્ર ૧ કિ.મી. દૂર અમદાવાદ જવાના માર્ગ પર આવેલી ઓમ એજયુકેશન સંકુલમાં ઓમ લેન્ડ માર્ક અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમની શાળાની એક હોસ્ટેલમાં પંચમહાલ જિલ્લાની ત્રણ બાળાઓએ અભ્યાસ અર્થે પ્રવેશ મેળવ્યો હતો. આ ત્રણેય બાળાઓને અન્ય કારણોસર હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરવાનું ના પસંદ પડતાં મોડી રાત્રે હોસ્ટેલ છોડવાનો નિર્ણય કરી ઘરે જવાનુ ‘પસંદ કરતાં ભારે મુશ્કેલી સર્જી હતી. જેમાં ધોરણ-૬ માં ભણતી તૃપ્તિબેન પરબતભાઈ ડામોર, શર્મિષ્ઠાબેન રામાભાઈ શેલોત તથા કોમલબેન બળવંતભાઈ કલાસવા ત્રણેય બાળાઓની પુછપરછમાં જણાવ્યું, અમોને હોસ્ટેલમાં અનેક પ્રકારે અન્ય રીતે હેરાનગતિ થતી હોવાનું મનાય છે. આ ઉપરાંત ગુજરાતી માધ્યમમાં ભણેલી એક બાળાએ અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ અતિ મુશ્કેલ લાગતું હોવાનું જણાવ્યું હતું.

આ સંદર્ભે ચિલોડા પોલીસ રાત્રે આ માર્ગ પર પેટ્રોલિંગ કરતી હતી અને ત્રણેય બાળાઓ પોતાના બિસ્તરા સાથે નજર અંદાજે હોસ્ટેલમાંથી ભાગી રહેલી હોવાનું જણાતાં પોલીસ મથકમાં લાવીને બાળાઓના વતન વેરણા તથા પાદરી તા. સંતરાનપુર-ટેલીફોન દ્વારા સંપર્ક કરી વાલીઓને સમગ્ર બાબતે જાણ કરતાં વાલી આવતાં તેમને સમગ્ર હકીકત જણાવી તેમના નિવેદનો લઈ બાળાઓને સોંપવામાં આવી હતી.

## પ્રાંતિજમાં વિવિધ સ્થળે ૬૬માં સ્વાતંત્ર્ય પર્વની થયેલી ઉજવણી

પ્રાંતિજ, તા.૧૭

સાબરકાંઠાના પ્રાંતિજમાં વિવિધ સરકારી કચેરીઓ ખાતે ઓફિસર અને પદાધિકારીઓની હાજરીમાં ૬૬માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી ખુબ જ હર્ષોલ્લાસ સાથે મનાવવામાં આવ્યો હતો. પ્રાંતિજમાં મામલતદાર કચેરી ખાતે પ્રાંત ઓફિસર આશાબેન શાહ દ્વારા મહેસુલી કર્મચારીઓની હાજરીમાં ત્રિરંગો લહેરાવ્યો હતો. પ્રાંતિજ નગરપાલિકાના પ્રમુખ ઉષાબેને નગરપાલિકા ભવન ખાતે કારોબારી અધ્યક્ષ સોનલબેન મોદી તેમજ કોર્પોરેટરોની ઉપસ્થિતિમાં મનાવવામાં આવ્યો હતો. શેઠ પી.એન્ડ. આર. હાઈસ્કુલમાં સ્વાતંત્રતા પર્વની ઉજવણી બાળકો દ્વારા સાંસ્કૃતિક પ્રોગ્રામનું આયોજન કરી કરવામાં આવ્યું હતુ. તેમજ કોર્ટ સંકુલમાં સિવિલ જજ ભટ્ટ સાહેબે વકિલ મિત્રો સાથે ત્રિરંગો લહેરાવ્યો હતો.

## માલપુર ખાતે ૬૩મો વન મહોત્સવ ઉજવાયો

સાબરકાંઠા, તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના માલપુર તાલુકાના ૬૩મો વનમહોત્સવ વિવિધતાભર્યા કાર્યક્રમો સાથે સંપન્ન થયો. લોકો જંગલો તરફ વધુને વધુ આકર્ષાય તો પ્રતિવર્ષે યોજાતા વન મહોત્સવ સાચા અર્થમાં સફળ નીવડશે એવા અભિગમ સાથે માલપુર તાલુકાના લાલપુર ગામે યોજાયેલ વન મહોત્સવનું અધ્યક્ષસ્થાન તાલુકા પંચાયતના પ્રમુખશ્રી સંજયભાઈ પટેલે શોભાવ્યું હતું.

વન મહોત્સવ ટાણે વૃક્ષો વાવવા ઉપરાંત જે કોઈ વ્યકિતએ ઉત્તમ કામગીરી કરી હોય તેવી વ્યકિતઓને ઈનામો દ્વારા નવાજવામાં આવ્યા હતા. લાલપુર પ્રા. સ્કુલનો બાળક રાજયકક્ષાએ દોડવીર તરીકે બીજા નંબરે આવેલ જેનું વિશિષ્ટ સન્માન કરાયેલ. જિલ્લા કક્ષાએ પ્રથમ રહેલી ખો-ખોની મહીલા ટીમ (હરી ઓમ વિદ્યાલય, માલપુર)ની ટીમને વનવિભાગ અને અન્ય મહાનુભાવોએ ઈનામોની વર્ષા કરી સન્માવાયેલ. બીએલઓ તરીકે સમગ્ર તાલુકામાં શ્રેષ્ઠ કામગીરી કરનાર શ્રી જગતસિંહ ઉ. રાઠોડને સન્માનેલ. વન મહોત્સવ ટાણે પૂર્વ ધારાસભ્યશ્રી અને ભિખીબહેન પરમાર, સાબર ડેરીના પૂર્વ ચેરમેન શ્રી જસુભાઈ પટેલ, તા.પં.ના ઉપપ્રમુખશ્રી બીજલભાઈ મસાર, હોમગાર્ડ કમાન્ડરશ્રી યોગેશભાઈ પંડયા સહીત અનેકવિધ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની વિરલ સફળતા બદલ આરએફઓ શ્રી કે.એન. બરંડાએ સૌ સહયોગી અધિકારી-પદાધિકારીશ્રીઓનો અને ઉપસ્થિત ગ્રામજનોનો આભાર માન્યો હતો.

# ચિલોડા નજીક માધવગઢ ગામે દાગીના ધોઈ આપી છેતરપીંડી કરતો ગઠીયો ઝડપાયો

ગાંધીનગર, તા. ૧૭

ચિલોડા પાસેના માધવગઢ ખાતે આજે બપોરે એક કિશોરીને ચાંદીના દાગીના ધોઈ આપવાની બાબતે છેતરપીંડી કરનાર ગઠીયાને ચિલોડા પોલીસે પકડી પાડ્યો હતો અને તેના વિરૂદ્ધ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ચિલોડા પાસેના માધવગઢ ખાતે રહેતા રમેશભાઈ સોમાભાઈ ઠાકોર પોતાના પરિવાર સાથે રહે છે અને જેસંગભાઈ ચૌધરીના ખેતરમાં ખેતી કામ કરે છે. સવારે રમેશભાઈ ખેતીકામ અર્થે ગયા હતા જ્યારે તેમની દીકરી ઘરે એકલી હતી તે દરમિયાન એક ગઠીયો ગૌતમ રાજેન્દ્રપ્રસાદ (રહે. અમદાવાદ જૂના વાડજ) એ દાગીના ધોઈ આપવાના બહાને ૨૨૦ ગ્રામની પાયલમાંથી કેમીકલ લગાવી ૧૦૦ગ્રામ ચાંદી લઈ લીધી હતી. આ મામલાની જાણ થતા કિસોરીએ જેસંગભાઈ ચૌધરીને જાણ કરી હતી. જેથી જેસંગભાઈએ ચિલોડા પોલીસ સાથે ઘટનાસ્થળે આવી પોલીસે ગઠીયાને પકડી પાડ્યો હતો.

# હિંમતનગરની વિદ્યાનગરી સંકુલ ખાતે રાષ્ટ્રીય પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી

હિંમતનગર, તા.૧૭

હિંમતનગર ખાતેની વિશ્વ મંગલમ કેળવણી મંડળ સંચાલિત વિદ્યાનગરી સંકુલની ભગીની શૈક્ષણિક સંસ્થાઓના સંયુકત ઉપક્રમે ૧૫મી ઓગષ્ટના રોજ ૬૬માં રાષ્ટ્રીય પર્વની ઉજવણી ધામધુમથી કરવામાં આવી હતી.

જેમાં વિશ્વ મંગલમ કેળવણી મંડળના મંત્રી શ્રી દેવેન્દ્રભાઈ સુતરીયાના વરદ હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મંડળના પ્રમુખ શ્રી ડી.એલ. પટેલ સાહેબે આપણો દેશ ગુલામીમાંથી કવી રીતે ઉગર્યો અને આઝાદ દેશમાં આપણી રાષ્ટ્રભાવના કેળવીને કેવી રીતે સાચી સ્વતંત્રતા લાવવી તે વિષેની સમજ પુરી પાડી હતી.

અધ્યક્ષ સ્થાને મંડળના મંત્રીશ્રી દેવેન્દ્રભાઈ સુતરીયા સાહેબે મળેલ સ્વતંત્રતા નો સાચો ઉપયોગ કેવી રીતે કરવો તે વિષે જણાવ્યું હતું.

આ પ્રસંગે જુદી જુદી કોલેજોની વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજુ થઈ હતી. આ પ્રસંગે કેમ્પસ ડાયરેકટર આર.બી. રાવલ, સર્જન ટ્રસ્ટના મંત્રીશ્રી મહેન્દ્રભાઈ ડી. પટેલ, મંડળના ઉપપ્રમુખ નારાયણભાઈ ઉપાધ્યાય મહિલા કોલેજના પ્રિ.ડૉ.કે.એલ. પટેલ, એમ.સી.એ.ના પ્રિ. સુધીર પટેલ, બી.સી.એ.ના પ્રિ. ધીરજ પંચાલ વગેરેએ ઉપસ્થિત રહી કાર્યક્રમને શોભાવ્યો હતો. સમગ્ર સંચાલન બી.સી.એ.ના સ્ટાફ પ્રા. રીંકુ પટેલ અને આભારવિધિ બી.બી.એ.ના પ્રિ. પ્રજ્ઞા પટેલે કરી હતી.

# તલોદમાં બિનવારસી મૃતદેહની પોલીસ દ્વારા દફનવિધિ કરાઈ

તલોદ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના કઠવાડા ગામના ખેત સીમાડામાંથી મળી આવેલ યુવાનની બિનવારસી મૃતદેહને લગભગ ચાર દિવસે ન છૂટકે ‘અવલમંઝિરે’ પહોંચાડવાની તલોદ પોલીસને ફરજ પડી હતી. તલોદ નગરપાલિકા દ્વારા યુવાનના મૃતદેહની તલોદના અંતિમધામમાં દફનવિધિ કરવામાં આવી હતી. ગત તા. ૧૧ ઓગષ્ટ-૨૦૧૨ની સવારે આ મૃતદહે કઠવાડા ગામના ખેત સીમાડામાંથી મળી આવી હતી. આ અજાણ્યો યુવાન ખેતરની તારની વાડ (ફેનસીંગ) ઓળંગવા જતો હતો ત્યારે કથિત વાડમાં ઉતરી આવેલા વિજ કરંટનો તે ભોગ બન્યો હતો. જે ગૌચર જમીનને અડીને આવેલ ખેતરની તારની વાડવાળા ઘટનાસ્થળે જ કાળનો કોલિયો બની ગયો હતો.

મૃતદેહની ઓળખરવિધિ માટે પોલીસે જહેમત ઉઠાવી હતી પરંતુ તેમાં તેમના નિષ્ફળતા મળી હતી. ચાર ચાર દિવસ સુધી પણ મૃતક યુવાનની ઓળખ ન થતા આખરે તેના મૃતદેહને દફનાવી દઈ અવલમંજિલે પહોંચાડવાની તંત્રને ફરજ પડી હતી.

ગત તા. ૧૧-૮-૧૨ શનિવારની સવારે ખેત માલીકને પોતાના ખેતરને શેઢે કોઈક અજાણ્યા યુવાનનો મૃતદેહ પડ્યો હોવાની જાણ થઈ હતી. જેની જાણ તેઓએ તલોદ પોલીસને કરતાં જ ઈનાચાર્જ પો.સ.ઈન્સ. બોડાણા સ્ટાફ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. જ્યાં ત્રીસેક વર્ષની વયના એક યુવાનનો મૃતદેહ પડ્યો હતો. જેના બંને પગની ચામડી દાઝી ગયેલી જણાઈ હતી અને દહેમાંથી વિજપુરવઠો પસાર થઈ જતા તેના પગના ભાગે ખાડા પડી ગયા હતા.

યુવાનના જમમા હાથ ઉપર ‘અશોક દેસાઈ’ નામ અંકિત કરેલ હતુ. પરંતુ તેની ઓળખ થઈ ન હતી. પોલીસ આદિવાસી ખેતમજૂરો અને આસપાસના ગામોના લોકો દ્વારા પણ મૃતદેહની ઓળખ કરવા કરેલ પ્રયાસો નિષ્ફળ નિવડતાં દિનભરની કવાયતને અંતે મોડી સાંજે સદર મૃતદેહનો તલોદની સરકારી હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમમાં બરફની પાટો વચ્ચે સાચવી રાખવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# પ્રાંતિજ તાલુકા સેવા સદનના નવીન મકાન માટે રૂ. ૯૮૬.૩૭ લાખ મંજુર

હિંમતનગર, તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા સેવા સદનના બિલ્ડીંગ ના કામો માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂ. ૯૮૬.૩૭ લાખની રકમ મંજુર કરવામાં આવી છે. જેમાં ૧૪ જેટલી અલગ અલગ કચેરીઓ કાર્યરત થશે.

મળતી માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ સેવા સદનના નવીન બિલ્ડીંગના કામ માટે માર્ગ અને મકાન વિભાગના મંત્રી આનંદીબેન પટેલ દ્વારા આજે રૂ. ૯૮૬.૩૭ લાખની રકમના કામોને મંજુર કરવામાં આવ્યા છે. આ નવીન તાલુકા સેવાસદનમાં સીટી સર્વે કચેરી, સબ રજીસ્ટાર કચેરી, પેટા તિજોરી કચેરી, મત્સ્ય ઉદ્યોગ અધિક્ષકની કચેરી, લઘુત્તમ શ્રમ અધિકારી તથા લઘુત્તમ વેતન નિરીક્ષકની કચેરી, સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ પેટા વિભાગ નં. ૪/૧, ના.કા.ઈ. સિંચાઈ (સ્ટેટ) પેટા વિભાગ, પરીક્ષેત્ર વન અધિકારીશ્રીની કચેરી, બાળ વિકાસ યોજના કચેરી, તલાટી કમ મંત્રી ઓફિસ પ્રાંત કચેરી, જનસેવા કેન્દ્ર ને માર્ગ અને મકાન વિભાગ (સેકશન ઓફીસ) જેવી વિવિધ કચેરીઓનો સમાવિષ્ટ કરવામાં આવ્યો છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

**ગુજરાત ઈકોલૉજી કમિશન, ગાંધીનગર**

ગુજરાત ઈકોલૉજી કમિશન, ગાંધીનગર દ્વારા જ્યુટ બેગ બનાવવાનું તથા બુકલેટ છાપવાનું નકકી કરવામાં આવેલ છે. જેની સંપુર્ણ વિગત કચેરીની વેબસાઈટ પર મુકવામાં આવેલ છે. રસ ધરાવતા વિક્રેતાઓ/પ્રીન્ટરો એ ભાવો સીલ બંધ કવરમાં તા. ૨૩-૮-૧૨ સુધી નીચે જણાવેલ સરનામે કચેરી સમય દરમિયાન મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે.
ઉપર્યુકત બેગ/બુકલેટના સ્પેશીફીકેશન તથા શરતો માટે કચેરીની વેબસાઈટ www.geciczmp.comની મુલાકાત લેવી.
નિયામક, ગુજરાત ગુજરાત ઈકોલૉજી કમિશન,
બ્લોક નંબર ૧૮/૧, ઉદ્યોગ ભવન, ગાંધીનગર-૧૧,
ફોન : ૦૭૯- ૨૩૨૫૭૬૫૬

**ગુજરાત મેરીટાઈમ બોર્ડ**

**જાહેર નિવિદા નં.૧ / ૨૦૧૨-૨૦૧૩**

ઉપાધ્યક્ષ અને મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, એરફોર્સ સ્ટેશનની સામે, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦ તરફથી ટ્રેકશુટ્સ તથા સ્પોર્ટસ શુઝ સપ્લાય કરવા બાબતે રમતગમતના સાધનોના વિક્રેતાઓ પાસેથી સીલબંધ ભાવો મંગાવવામાં આવે છે.

| કામનું નામ | (૧) બાનાની રકમ (૨) ટેન્ડર ફી રૂ. |
|---|---|
| ટ્રેક શુટસ-કાપડ-જેક બ્રો - સુપરપોલી તથા સ્પોર્ટસ શુઝ કંપની - જોનેક્ષ - ટ્રેનર - સાબર મટીરીયલ | (૧) રૂ. ૧૦૦૦.૦૦ (૨) રૂ. ૩૦૦.૦૦ |

- કોરા ટેન્ડર પેપર આપવાની છેલ્લી તારીખ : ૨૯/૮/૨૦૧૨ ૧૬.૦૦ કલાક સુધી પોસ્ટથી ટેન્ડર મેળવવા માટે વધારાના રૂ. ૧૫૦/- ચુકવવાના રહેશે. તથા ભરેલ ટેન્ડર ફક્ત રજી. પોસ્ટથી પહોંચતા કરવાની છેલ્લી તારીખ : ૧૦/૯/૨૦૧૨ ઓફીસ સમયસુધી રહેશે.
- ભાવો આખી જોડના (બુટના ભાવો સહિત) તમામ કરવેરા, વેટ તથા કચેરીએ ડીલેવરી કરવાના ચાર્જ સાથેના ભાવો ભરવાના રહેશે.
- કવર ઉપર "ગણવેશના ભાવો" એમ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.
- વધુ વિગતો તથા શરતો માટે ઉપરોક્ત કચેરીનો અચૂક રૂબરૂ સંપર્ક કરવા વિનંતી છે.

માહિતી/૧૦૮૯/૧૨-૧૩

**ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા**
ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
સેક્ટર-૧૫, "ગ" રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૩૯૪૧ થી ૪૭

**જાહેર નિવિદા**

નિયામકશ્રી ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, સેક્ટર-૧૫, ગાંધીનગર (૩૮૨૦૧૬) દ્વારા યોગ્ય શ્રેણીમાં રજીસ્ટર થયેલ કોન્ટ્રાકટરો પાસેથી ઈ-ટેન્ડર પદ્ધતિથી નીચે મુજબના કામના ભાવો માંગવામાં આવે છે.

| અ. નં. | કામનું નામ | અંદાજિત રકમ | બાનાની રકમ | ટેન્ડર ફી |
|---|---|---|---|---|
| ૧. | ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, સેક્ટર-૧૫, ગાંધીનગરના હયાત કચેરી સંકુલને આર્કીટેક્ચરલ ઈન્ટેરીયર ડીઝાઈનીંગ તથા લેન્ડસ્કેપીંગ કરવાના કામ. ટેન્ડર આઈ.ડી. ૯૨૫૦૭ | | ૨૬૫૦૦/- | ૧૫૦૦/- |
| ૨. | રીનોવેશન ટુ ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા-ઓફિસ કચેરીમાં વીટ્રીફાઈડ ટાઈલ્સ નાંખવાના કામ. ટેન્ડર આઈ.ડી. ૯૨૫૦૫ | ૩૩,૦૦,૦૪૬ | ૩૩૦૦૦/- | ૧૫૦૦/- |

૧. રસ ધરાવતા કોન્ટ્રાક્ટરો કે જેઓ ભાગ લેવા ઈચ્છુક છે, તેઓ ટેન્ડર અંગેની વધુ માહિતી [illegible] પરથી ઉપરોક્ત ટેન્ડર આઈ.ડી. નાંખીને તદ્દન મફતમાં ડાઉનલોડ કરી શકશે. ટેન્ડર ડાઉનલોડ કરવાની છેલ્લી તા. ૧૨/૯/૨૦૧૨ છે.
૨. ઓનલાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તા. ૧૨/૯/૨૦૧૨ છે. (સમય : ૧૮.૦૦ કલાક)
૩. ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય દસ્તાવેજ ફીઝીકલ ફોર્મમાં અપલોડ કરવાની તથા આર.પી.એ.ડી.થી કચેરીને મોકલવાની તારીખ ૧૪/૯/૨૦૧૨ થી ૨૧/૯/૨૦૧૨ મુકરર કરવામાં આવેલ છે. બાનાની રકમ તથા ટેન્ડર ફી માટે ડીમાન્ડ ડ્રાફ્ટ "સંયુક્ત નિયામક, ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, ગાંધીનગર"ના નામનો ફક્ત રાષ્ટ્રીયકૃત બેંકનો બિડવાનો રહેશે.
૪. ઓનલાઈન ટેન્ડર ઓપનીંગ (શક્ત હશે તો) તા. ૨૪/૯/૨૦૧૨ના રોજ ટેન્ડર નં. ૧નું ૧૨-૦૦ કલાકે તથા ટેન્ડર નં.૨નું ૧૨-૩૦ કલાકે કચેરી સ્થળે કરવામાં આવશે.

કોઈપણ ટેન્ડર સ્વીકારવા/રદ કરવાની સત્તા નિયામક, ગુજરાત જલસેવા તાલીમ સંસ્થાને અબાધિત રહેશે.
માહિતી/૧૦૯૭/૧૨-૧૩

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન